જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૦૬/૨૦૨૨ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૫૯/૨૦૨૨**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૦૬/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૪ | ૪,૩૪,૫૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# લુંટના ગુનાના આરોપીઓની અટકાયતની વિગત

## રાણીપ પોલીસ સ્ટેશન

## લુંટના ગુનાના કામના આરોપીઓને ગણતરીના કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી પાડતી રાણીપ પોલીસ

મે. પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર-૦૧ અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમિશ્નર સા શ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારીશ્રી ઓની જરૂરી સુચના તથા માર્ગદર્શન હેઠળ મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તથા બનેલ ગુનાઓ શોધી કાઢવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર પી.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ. એમ.એસ.ગોહીલ તથા મ.સ.ઇ.મહેન્દ્રભાઇ સોનાભાઇ બ.નં.૭૭૩૭ તથા મ.સ.ઇ.બીપીનકુમાર હરગોવિનદાસ બનં-૮૦૦૮ તથા અ.હે.કો ઉદયભાન લક્ષ્મીકાન્ત બ.નં ૧૦૧૧૦ તથા અ.પો.કો. આનંદકુમાર રામજીભાઇ બ.નં.૩૪૦૦ તથા અ.પો.કો વિપુલકુમાર સાર્દુલ ભાઇ બનં-૭૪૧૯ એ રીતેના તમામ સર્વેલન્સ સ્કોડના માણસો સાથે રાણીપ પો સ્ટે હદ વિસ્તારમાં પેટ્રોલીંગમાં દરમ્યાન મ.સ.ઇ બીપીનકુમાર હરગોવિનદાસ બનં-૮૦૦૮ તથા અ.પો.કો. આનંદકુમાર રામજીભાઇ બ.નં.૩૪૦૦ નાઓ બન્નેની સયુક્ત અને ખાનગી બાતમી હકીકત આધારે રાણીપ પો સ્ટે પાર્ટ 'એ' ગુ.ર.ન ૧૧૧૯૧૦૦૨૨૨૦૩૯૨/૨૦૨૨ ધી ઇ.પી.કો કલમ-૩૯૪, ૨૯૪ (ખ), ૧૧૪ મુજબના ગુનાના કામના આરોપીઓ નંબર (૧) પારસ ઉર્ફે ડોલીયો સ/ઓફ મથુરભાઇ મફાભાઇ જાતે પરમાર ઉ.વ.૨૫ ધંધો-રીક્ષા ડ્રાઈવિંગ રહે-બ્લોક નંબર-૧૬ રુમ નંબર-૪૯૭ ગરીબ આવાસ યોજના ભાઠાગામ વાસણા અમદાવાદ શહેર તથા નંબર (૦૨) આકાશ ઉર્ફે ચીકુ સ/ઓફ બચુભાઇ જાતે દંતાણી ઉ.વ.૨૧ ધંધો નોકરી રહે.ગલાજીની ચાલી નંબર ૦૨, દુધેશ્વર રોડ, માધુપુરા અમદાવાદ શહેરતથા આરોપીઓએ ગુનાના કામે વાપરેલ ઓટોરીક્ષા જેનો આર.ટી.ઓ રજીસ્ટ્રેશન નંબર GJ.01.TB.1477 જેનો ચેસીસ નંબર-MD2A24AZ1GWG35011 તથા એન્જિન નં-24ZWGG71184 જેવો લખેલ છે જેની કિ.રૂ ૧,૦૦,૦૦૦/- જેટલી ગણી શકાય તે તથા એક સોનાની ચેઇન જે લંબ ચોરસ બ્લોક ડીઝાઇનની આશરે દોઢ તોલા વજન ની કિ.રૂ.૭૦,૦૦૦/- ની ગણી શકાય તથા રોકડ રૂપિયા ૮,૦૦૦/- તથા એક વીવો કંપનીનો T15G મોડલ આછા બ્લ્યુ કલર જેવો ફોન જેમાં એરટેલ કંપનીનુ સીમકાર્ડ છે જેના નં.૯૫૫૮૮૪૮૭૯૧૦ જેની કિંમત રૂપિયા ૧૨૦૦૦/- ગણીતમામની કુલ કિંમત રૂ.૧,૯૦,૦૦૦/- ની પંચનામાં વિગતે તપાસ અર્થે કબજે કરી ઉપરોક્ત બન્ને આરોપીઓને તારીખ ૧૩/૦૬/૨૦૨૨ના કલાક ૨૦/૧૦ વાગે પકડી અટક કરી રાણીપ પો સ્ટે પાર્ટ 'એ' ગુ.ર.ન ૧૧૧૯૧૦૦૨૨૨૦૩૯૨/૨૦૨૨ ધી ઇ.પી.કો કલમ-૩૯૪, ૨૯૪ (ખ),૧૧૪ મુજબ નો સ્થાનિક પો.સ્ટે.નો ગુનો ગણતરીના કલાકોમાં આરોપીઓ મુદ્દામાલ સાથે શોધી કાઢી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમાં ચાલુ છે તારીખ ૧૪/૦૬/૨૦૨૨



# વાહન ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ઘાટલોડીયા પોલીસ સ્ટેશનઃ

## પોકેટકોપની મદદથી ઘાટલોડીયા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી તથા નરોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ઓટો રીક્ષાની ચોરી કરનાર ઇસમને ચોરીની રીક્ષાઓ સાથે ઝડપી પાડતી ઘાટલોડીયા પોલીસ

મે શ્રી સંજય શ્રીવાસ્તવ પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી. અસારી સાહેબ સંયુક્ત પોલીસ કમી.શ્રી સેકટર-૧ તથા શ્રી ડૉ. લવીના સિન્હા સાહેબ નાયબ પોલીસ કમી.શ્રી ઝોન-૧ તથા શ્રી જી.એસ.શ્યાનસાહેબ મદદનીશ પોલીસ કમી.શ્રી "એ" ડિવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મિલ્કત સબંધી ગુનાઓ અટકાવવા તથા શોધવા કરેલ હુકમ આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી વાય.આર.વાઘેલા સાહેબ નાઓના સુપરવીઝન હેઠળ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ પી.આર.ગામીત પો.સબ.ઇન્સ તથા સાથેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં આજરોજ તા.૧૩/૦૬/૨૦૨૨ કલાક ૧૭/૩૦ થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન અ.લોકરક્ષક ગંગારામભાઇ રૂપસીભાઇ બ.નં-૧૨૦૨૧ તથા અ.હેડ.કોન્સ અમિતકુમાર ગણેશભાઇ બ.નં ૪૫૯૬ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે રીક્ષા ચોરીના ગુનાઓ આચરેલ ઇસમને મોબાઇલ પોકેટ-કોપની મદદથી ચોરીની રીક્ષાઓ સાથે પકડી પાડી કુલ-૦૨ ગુનાનો ભેદ ઉકેલી પ્રશંસનીય કામગીરી કરેલ છે.તા.૧૩/૦૬/૨૦૨૨

## આરોપી નુ નામ સરનામુ-

ગણેશ ઉર્ફે રોડિયો ઉર્ફે લોટિયો નારણભાઈ ભાટી (બાવરી) ઉ.વ.૨૫ રહે. શીવરંજની ચાર રસ્તા ઓવરબ્રીજ નીચે સેટેલાઇટ અમદાવાદ શહેર

## કબ્જે કરેલ મુદામાલ :

(૧) બજાજ કંપની લીલા કલરની છે જેનો R.T.O. નં- જોતા GJ-01-TA-1582 નો છે તેમજ જેનો એ.નં-24ZWFJ71457 તથાચે.નં-MD2A24AZ9FWJ32712 નો છે જેની હાલની કિ.રૂ-૫૦,૦૦૦/- ના મત્તાની ગણી શકાય

(૨) બજાજ કંપનીની લીલા-પીળા કલર વાળી જેનો R.T.O નં-GJ-01-BZ-3728 નો છે તેથા એ.નં-AEMBSJ75903 નો છે તથા ચે.નં-MD2AA24ZZSWJ71149 નો છે. જેની કિ.રૂ.૨૦૦૦૦/- ગણી શકાય

## શોધાયેલ ગુનાની વિગત:-

(૧) ઘાટલોડીયા  પોલીસ સ્ટેશન એ-ગુ.ર.નં-૧૧૧૯૨૦૧૧૨૨૦૨૮૬/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૨) નરોડા પોલીસ સ્ટેશન એ.પાર્ટ ગુ.ર.નંબર ૧૧૧૯૧૦૩૫૨૨૦૬૩૬/૨૦૨૨ ધી ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

## આરોપીનો ગુનાહિત ઈતિહાસ:-

(૧) આણંદ ટાઉન પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં-૦૨૫૫/૨૦૧૫ ધી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૨) એ ડિવિઝ્ન પો.સ્ટે મહેસાણા ફ્સ્ટ ગુ.ર.નં-૦૨૨૩/૨૦૧૫ ધી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૩) ઓઢવ પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં-૦૦૬૨/૨૦૧૫ ધી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૪) ગુજરાત યુનિવર્સિટી પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં-૦૦૪૬/૨૦૧૬ ધી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૫) અસલાલી પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં-૦૦૫૦/૨૦૧૬ ધી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

(૬) ચિલોડા પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં-૦૦૪૩/૨૦૧૮ ધી ઈ.પી.કો કલમ ૩૭૯,૧૧૪  મુજબ

(૭) વાડજ પો.સ્ટે ફ્સ્ટ ગુ.ર.નં-૧૨૬૯/૨૦૨૦ ધી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

## કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારીઓ :

આ કામગીરીમાં પી.આર.ગામીત પો.સબ.ઇન્સ  તથા એ.એસ.આઇ કમલેશભાઇ કાળાભાઇ બ.નં ૮૬૧૩ તથા અ.હેડ કોન્સ. પુનમભાઇ વિઠ્ઠલભાઇ બ.ન.૭૭૫૧ તથા અ.હેડ કોન્સ. અમિતકુમાર ગણેશભાઇ બ.નં ૪૫૯૬ તથા અ.પો.કોન્સ કરશનભાઇ ગોવાભાઇ બ.નં ૧૦૨૦૯ તથા અ.પો.કોન્સ. ઇશ્વરભાઇ મોતીભાઇ બ.નં-૧૨૮૩૩ તથા અ.પો.કોન્સ. સંજયભાઇ નાનુભાઇ બ.નં-૬૧૧૮ તથા અ.લોકરક્ષક ગંગારામભાઈ રૂપસીભાઇ બ.નં-૧૨૦૨૧ નોકરી-ઘાટલોડીયા પોલીસ સ્ટેશન નાઓ જોડાયેલ હતા.



# પ્રોહીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

## પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પ્રોહીબીશનનો ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ આગામી આવનાર રથયાત્રાના પવિત્ર તહેવાર તથા ઉપલી કચેરી તરફથી આવેલ પરિપત્રો અનુસંધાને પો.સ્ટે વિસ્તારમાં પ્રોહી-જુગારની પ્રવૃત્તી નેસ્ત નાબુદ કરવા તેમજ કોરોના વાયરસની વૈશ્વીક મહામારીને લઇને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ પો.ઇન્સ એ.જે.ચૌહાણ નાઓની સુચના આધારે પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા સાથેનો સ્ટાફ તા.૧૨/૦૬/૨૦૨૨ ના રોજ ક.૧૩/૦૦ વાગ્યાથી ખાનગી કપડાઓમાં પ્રાઇટ વાહનોમાં પેટ્રોલિંગમા હતા દરમ્યાન સવારના ક.૧૩/૪૦ વાગે નવા નરોડા મનોહરવીલા ચાર રસ્તા પાસે આવતા સાથેના અ.પો.કોન્સ અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૧૦૬૬૩ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮ નાઓને સંયુકત બાતમી હકિકત મળેલ કે " ચિત્રકુટ ઔડાના મકાન બ્લોક નં-૧૦ ના મકાન નં-૨૯૫ ના ગ્રાઉન્ડ ફ્લોરના મકાનમાં મહેશ રતીલાલ સોલંકી(ભરવાડ) તથા મહેન્દ્રસિંહ અભેસિંહ બારડ નાઓ અગાઉથી કાવતરૂ રચી પોત-પોતાના આર્થીક ફાયદા સારૂ કેટલોક ઇંગ્લીસ દારૂનો જથ્થો બહારથી મંગાવી મકાનમાં રાખેલ છે અને થોડીવારમાં તે ઇંગ્લીસ દારૂનો જથ્થો સગેવગે કરવાની ફિરાકમાં છે " વિગેરે હકિકત આધારે સદરી જગ્યાએ પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ નાઓએ સાથેના સ્ટાફના માણસો મારફતે પંચોને સાથે રવાના થયેલ ઉપરોકત હકિકત મુજબ સદરી જગ્યાએ મકાનમાં રેઇડ કરી સદરી જગ્યાએથી બે આરોપીઓને ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો પુઠાના બોક્ષોમાં ભરેલ જથ્થો નાના ક્વાર્ટસ નંગ-૪૧૨ કિ.રૂ.૬૧,૮૦૦/-તથા મોટી બોટલો નંગ-૯૩ કિ.રૂ.૪૬,૫૦૦/-તથા બિયર નંગ-૧૯૦ કિ.રૂ.૩૮,૦૦૦/-તથા મોબાઇલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૧૫,૦૦૦/-તથા અંગજડતીમાંથી મળી આવેલ રોકડ રૂપિયા ૭,૧૨૦/-સાથે મળી કુલ્લે કિ.રૂ.૧,૬૮,૪૨૦/-ના મુદ્દામાલ સાથે રેઇડ દરમ્યાન ક.૧૭/૦૦ વાગે ધી.પ્રોહી કલમ-૬૬(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧,૮૩ મુજબથી પકડી પાડી પ્રોહીબીશન નો મોટો જથ્થો સોંધી કાઢી અન્ય નહી મળી આવેલ ઇંગ્લીસ દારૂનો જથ્થો આપનાર આરોપી નામે ધર્મેંદ્રસિંહ અભેસિંહ બારડ રહે,મ.નં-ઇ/૩૩૭,વિભાગ-૦૨ પાશ્વનાથ ટાઉન શીપ નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર તથા પકડાયેલ આરોપી પાસેથી તેજ દિવસે સવારના સદર દારૂના જથ્થા સિવાયનો અન્ય જથ્થો બે પેટી બિયર તથા બે પેટી ફેઇસ્ટા વોડ્કા લઇ જનાર જય ઉર્ફે ભાવુ મોટવાણી રહે.આંગન ફ્લેટ ચિત્રકુટ સામે મનોહરવીલા નવા નરોડા અમદાવાદ શહેર નાઓ નહી મળી આવેલ હોય જેથી સદરી બાબતે વધુ તપાસ જારી રાખી ગણનાપાત્ર ક્વોલીટી કેશ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૧૩/૦૬/૨૦૨૨

## આરોપીઓનુ નામ:-

(૧) મહેશ સ/ઓ રતીલાલ જેઠાલાલ જાતે સોલંકી(ભરવાડ) ઉ.વ.૪૧ રહે,મ.નં-૩૦/૯૫૨,ચિત્રકુટ આવાસ યોજના ઔડાના મકાન મનોહરવીલા ચાર રસ્તા પાસે નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર મૂળ વતન-ગામ-કમીજલા તા.વિરમગામ જીલ્લો-અમદાવાદ ગ્રામ્ય તથા નં-(૨) મહેન્દ્રસિંહ સ/ઓ અભેસિંહ જવાનસિંહ જાતે બારડ ઉ.વ.૩૨ રહે,મ.નં-ઇ/૩૩૭,વિભાગ-૦૨ પાશ્વનાથ ટાઉન શીપ નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર (વોન્ટેડ) આરોપી નં-(૧) ધર્મેદ્રસિંહ અભેસિંહ બારડ રહે,મ.નં-ઇ/૩૩૭,વિભાગ-૦૨ પાશ્વનાથ ટાઉન શીપ નવા નરોડા કૃષ્ણનગર અમદાવાદ શહેર મો.નં-૭૫૭૨૮૧૧૧૭૭ તથા નં-(૨) જય ઉર્ફે ભાવુ મોટવાણી રહે.આંગન ફ્લેટ ચિત્રકુટ સામે મનોહરવીલા નવા નરોડા અમદાવાદ શહેર મો.નં-૯૨૬૫૭૫૨૦૧૬

## મુદ્દામાલ :-

ભારતીય બનાવટનો ઇંગ્લીસ દારૂનો પુઠાના બોક્ષોમાં ભરેલ જથ્થો નાના ક્વાર્ટસ નંગ-૪૧૨ કિ.રૂ.૬૧,૮૦૦/-તથા મોટી બોટલો નંગ-૯૩ કિ.રૂ.૪૬,૫૦૦/-તથા બિયર નંગ-૧૯૦ કિ.રૂ.૩૮,૦૦૦/-તથા મોબાઇલ ફોન નંગ-૦૨ કિ.રૂ.૧૫,૦૦૦/-તથા અંગજડતીમાંથી મળી આવેલ રોકડ રૂપિયા ૭,૧૨૦/- સાથે મળી કુલ્લે કિ.રૂ.૧,૬૮,૪૨૦/-ના મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.સબ.ઇન્સ વી.એમ.ગોહિલ તથા ફરિયાદ આપનાર અ.પો.કોન્સ અવિનાશસિંહ ઇન્દ્રસિંહ બ.નં-૧૦૬૬૩ તથા એ.એસ.આઇ જીતેન્દ્રસિંહ જ્ઞાનસિંહ બ.નં-૯૧૧૧ તથા અ.હેડ.કોન્સ રવિરાજસિંહ નટુભા બ.નં-૮૫૯૦ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪ તથા અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં.૧૧૮૦૨ તથા લોકરક્ષક કાનભા જગદિશસિંહ બ.નં-૭૦૯૮



## જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

### કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

### કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગારનો ગણનાપાત્ર કેશ શોધી કાઢતી કૃષ્ણનગર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓએ અમદાવાદ શહેર નાઓની કચેરીઓ તરફથી હાલમા ચાલી રહેલ કોરોના વાયરસની વૈશ્વીક મહામારી તેમજ આગામી આવનાર રથયાત્રાના પવિત્ર તહેવારને લઇને તેમજ પ્રોહી-જુગાર ની ડ્રાઇવ અનુસંધાને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે સારૂ તેમજ પ્રોહી/જુગાર ની પ્રવૃત્તી સદંતર નેસ્ત નાબુદ કરવા તેમજ અન્ય કામગીરી સારૂ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ના પોલીસ ઇન્સ્પેકટર શ્રી એ.જે.ચૌહાણ નાઓની સુચના મુજબ વિહી.સ્કોર્ડના પો.સબ.ઇન્સ શ્રી એ.આર.અસારી તથા સાથેના સ્ટાફના માણસો તા.૧૨/૦૬/૨૦૨૨ ના ક.૧૫/૩૦ વાગ્યાથી પેટ્રોલિંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૧૬/૩૦ વાગે ઠક્કરનગર ચાર રસ્તા ખાતે આવતા સાથેના અ.હેડ.કોન્સ કલ્પેશકુમાર રણછોડભાઇ તથા અ.પો.કોન્સ ભગીરથસિંહ સજાભાઇ નાઓને ખાનગી રાહે સંયુકત બાતમી હકીકત મળેલ કે " ઠક્કરનગર દેવજી માસ્ટરની ગલીમા મ.નં.૭૦ ના ધાબા ઉપર કેટલાક ઇસમો ધાબા ઉપર ખુલ્લામાં ગંજી પાના વડે હાર જીતનો જુગાર રમી રમાડે છે " જે બાતમી હકીકત આધારે સદરી જગ્યા ઉપર સાથેના સ્ટાફના માણસો તથા પંચોના માણસોને સાથે રાખી સદરી જગ્યા દેવજી માસ્ટરની ગલીમા મ.નં.૭૦ સીડી મારફતે ધાબા ઉપર જતા સદરી ધાબાની કઠેડાની આડમાં રહી જોતા કેટલાક ઇસમો ધાબા ઉપર ખુલ્લામાં જુગાર રમતા હોય જે જગ્યાએ રેઇડ કરી જુગાર રમતા આઠ (આરોપીઓ)ને જુગાર રમવાના સાધનો અંગજડતીના રોકડા નાંણા રૂ.૧૩,૨૩૦/-તથા દાવના નાંણા રૂ.૨,૮૫૦/-સાથે મળી કુલ્લે રૂ,૧૬,૦૮૦/-ના મુદ્દામાલ સાથે તા.૧૨/૦૬/૨૦૨૨ ના ક.૧૭/૨૦ વાગે જુગાર ધારા કલમ-૧૨ મુજબ પકડી પાડી જુગારનો ગણનાપાત્ર ક્વોલોટી કેસ સોધી કાઢી સારી કામગીરી કરેલ છે તા.૧૩/૦૬/૨૦૨૨

### આરોપીઓના નામ

(૧) રાજન જીતેન્દ્રભાઇ જાતે ભટ્ટ ઉ.વ.૩૨ ધંધો-મજુરી રહે-મ.નં-૫૬/૨,સોમેશ્વર મહાદેવની ગલી, ભવાની ચોક, ઠકકરનગર, અમદાવાદ શહેર +૦૭=૦૮

## મુદ્દામાલ:-

જુગાર રમવાના સાધનો ગંજી પાના નંગ-૫૨ તથા દાવના નાંણા રૂપિયા ૨,૮૫૦/-તથા આરોપીઓની અંગઝડતી માથી મળી આવેલ રોકડા નાંણા રૂ.૧૩,૨૩૦/-મળી કુલ્લે રોકડા નાંણા રૂ.૧૬,૦૮૦/-ની મત્તાનો મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

વિહી.સ્કોર્ડ પો.સબ.ઇન્સ એ.આર.અસારી તથા અ.હેડ.કોન્સ.કલ્પેશકુમાર રણછોડભાઇ બ.નં.૫૦૭૧ તથા અ.હેડ.કોન્સ અતુલકુમાર મુળજીભાઇ બ.નં.૪૦૧૬ તથા અ.પો.કોન્સ વેલાજી હેમાજી બ.ન.૬૫૭૨ તથા અ.પો.કોન્સ સતિષકુમાર જયંતિભાઇ બ.ન.૭૦૭૮ તથા અ.પો.કોન્સ ભગીરથસિંહ સજાભાઇ બ.નં.૫૧૫૭ તથા અ.પો.કોન્સ લાલાભાઇ દેવાભાઇ બ.નં.૭૫૫૫ તથા બીજા સ્ટાફના માણસો



# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશન

## પોક્સોના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૨૪૧/૨૦૨૨ ઇ.પી.કો. કલમ ૩૬૩, ૩૬૬, ૩૭૬(૨),(એન) તથા પોક્સો એકટ કલમ ૩(એ)૪,૫, ૬(એલ),૧૧(૬)૧૨ મુજબના ગુનાના કામના આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૫૬૧/૨૦૨૨ તા-૧૩/૦૬/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૧૩/૦૬/૨૦૨૨ ના કલાક-૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા-૧૩/૦૬/૨૦૨૨

## આરોપીનુ નામ -

"દિપક તખાજી મેણા રહે. ઓઢવ ગુજરાતી શાળા નંબર-૨ નવાફળુ ઓઢવગામ, ઓઢવ, અમદાવાદ મુળવતન ગામ-શંખવાલે તા.જી.-ઝાલોર, થાના-ઝાલોર, રાજસ્થાન

## કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ.પર્સનલના એ.એસ.આઇ. યોગેશકુમાર સેમ્યુઅલભાઇ બ.નં.૧૩૬૪૪ તથા હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૪ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૧૪૪ લીટર દેશી દારૂ, ૧૬ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી ૧૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૬૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૧/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી. ૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૩૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૩૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૨/૨૦૨૨**

**ગોમતીપુરઃ** સાજેદાબાનુ વા/ઓ રીયાઝુદ્દીન અંસારી (રહે. વાડીલાલ આઈસ ફેકટરી ગેટ કંપાઉન્ડની અંદર મોહનલાલની જુની ચાલીની બાજુમાં ગોમતીપુર) એ ગોમતીપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૦૬/૨૦૨૨ કલાક ૧૦/૦૦ થી ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી પેનડ્રાઈવ, હાર્ડડીસ્ક,માઉસ અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૯૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.બી.સિંહ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૩/૨૦૨૨**

**“કે” ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** યુસુફભાઈ કરીમભાઈ શેખ (રહે. સિરાજનગર ગરીબનવાજ મસ્જીદ પાસે ઈસનપુર રોડ ઈસનપુર) એ “કે” ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે યુસુફભાઈ શેખ રિક્ષા ચલાવતા હોઈ યુસુફભાઈના પાડોશીઓને રિક્ષામાં બેસાડી તા.૧૨/૦૬/૨૦૨૨ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે પિરાણા કચરાના ઢગલાવાળા ચાર રસ્તાથી કોઝી હોટલ તરફ આરવી ડેનીમ સામેના કટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે કાર નંબર જીજે ૨૭ એએચ ૪૩૩૦ ના ચાલકે કાર પુરઝડપે અને બેદરકારીથી ચલાવી રિક્ષાને ટક્કર મારતા રિક્ષા પલ્ટી ખાઈ જતા રિક્ષામાં બેસેલ રેહાનાબાનુ અબ્દુલસતાર શેખ (ઉ.વ.૫૦) (રહે. સિરાજનગર ગરીબનવાજ મસ્જીદ પાસે ઈસનપુર રોડ ઈસનપુર) ને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૩/૦૬/૨૦૨૨ સવારના ૧૦/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ ઈ.પો.ઈ.શ્રી બી.બી.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૦૬૪/૨૦૨૨**

**વસ્ત્રાપુરઃ** વસ્ત્રાપુર એલ.જે.કોલેજ પાસે મહાવીરનગર ખાતે રહેતા ભલારામ સતરારામ દેવાસી (ઉ.વ.૨૬) (મુળ વતન. ગામ-જેરણ તા-ભીનમાલ જિલ્લો-ઝાલોર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૬/૨૦૨૨ કલાક ૧૦/૦૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે છતના હુકમાં દોરી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વસ્ત્રાપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જાહિદખાન ઇસ્માઇલખાન ચલાવે છે.

**રિવરફ્રંટ વેસ્ટઃ** કુશાલકુમાર રાજેશકુમાર ગેલડા (ઉ.વ.૨૧) (રહે. રામેશ્વર બંગ્લોઝ જી.ઇ.બી.રોડ બાવળા જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૨ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા સાબરમતી રીવરફ્રન્ટ પશ્ચિમ કિનારે ઘાટ નંબર-૪૮ વોક-વે નજીક નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મયુરદાન અજીતદાન ચલાવે છે.

**નરોડાઃ** સંજયસિંહ વિહાજી ચાવડા (ઉ.વ.૩૬) (રહે. મેવાડાવાસ નરોડા ગામ નરોડા) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૬/૨૦૨૨ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પિયુષકુમાર નાથાલાલ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.